# પ્રાંતિજના મજરા ચોકડી પાસે એક જ રાતમાં પાંચ દુકાનના તાળા તુટ્યા

## રેડીમેડની દુકાન, દાંતનુ દવાખાનુ, મોબાઇલની દુકાન, સ્ટુડિયો સહિત દુકાનોના તાળાં તુટ્યા








પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ મજરા ચોકડી ઉપર આવેલ રાધે કોમ્પ્લેક્સમાં એકજ રાતમા પાંચ દુકાનના તાળાં તુટ્યા તો તસ્કરો રેડીમેડની દુકાન સાફ કરી ગયા હતા.

નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના મજરા ચોકડી ઉપર આવેલ રાધે કોમ્પ્લેક્સમાં બીજા માળે આવેલ દુકાનોના એકજ રાત્રમા પાંચ દુકાનના તાળાં તુટ્યા હતાં જેમા દલાખાનુ, દીપ મોબાઈલ, જીગર સ્ટુડિયો, આર.જે. રેડીમેડ સહિતની પાંચ દુકાનના તાળાં તોડી તસ્કરો માલસામાન વેરવિખેર કર્યો હતો. આર.જે. રેડીમેડની દુકાનમાંથી દુકાનમાં રહેલ રેડીમેડ કપડાંમાથી માત્ર બે શર્ટ રાખી તસ્કરો આખીને આખી દુકાન ખાલી કરી ગયાં હતાં અને દુકાનમાંથી દોઢ લાખથી પણ વધારે મત્તાનો માલ લઈ પલાયન થયાં હતાં. બાજુમાં આવેલ દાંતના દવાખાનાના તાળા તોડી અંદરથી કોઈ રોકડ રકમ ના મળી આવતાં એસી સહિતની મશીનરીની તોડફોડ કરી હતી. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતા તાત્કાલિક પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી આગળની તપાસ હાથ ધરી હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં તસ્કરો સક્રિય થતાં હાલ તો નગરજનોની નિદ્રા હરામ થઈ છે. ત્યારે પોલીસ સામે તસ્કરોનો ખુલ્લો પડકાર છતાં પોલીસ નિદ્રાધીન હોય તેવું હાલ તો જણાઈ આવે છે અને રાત્રીના પેટ્રોલિંગ પર સવાલો ઉઠવા પામ્યાં છે.

બીજીબાજુ જે કોમ્પલેક્સમાં ચોરી થઈ તે જગ્યાએ ઉપરના મળે વિનય હોટલના કારીગરો સ્ટાફ પર પ્રાંન્તીય સુતો હોવાનું માલુમ પડયું છે. હોટલ માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રાખેલ માણસોની જાણકારી આપી છે કે કેમ એ પણ તપાસનો વિષય છે તો ચાર દિવસ પહેલાં જ પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ અષ્ટ વિનાયક સોસાયટીમાં તસ્કરો દ્વારા રાત્રીના સમયે બે મકાનમા હાથફેરો કરી એક લાખ પાંચ હજાર, બે મોબાઈલ, એક લેપટોપ સહિતની ચોરી કરી પલાયન થયા હતાં. પ્રાંતિજ સહિત તાલુકામાં ઉપરા ઉપરી ચોરીઓમાં વધારો થતાં હાલ તો તસ્કરો સક્રિય થયા હોય તેવું જણાઈ આવે છે.

### પાટણ સાંસદ લીલાધર વાઘેલાએ ફરી બાંયો ચડાવી

# બનાસકાંઠા લોકસભા લડવાની ઈચ્છા વ્યક્ત કરતા લીલાધર વાઘેલા

### વર્તમાન સાંસદ હરીભાઈ ચૌધરીની દાવેદારી સામે પડકાર ફેંકતા લીલાધર વાઘેલા

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ઉમેદવારોએ અત્યારથી જ ટિકિટ માટે લોબિંગ શરૂ કરી દીધું છે. જ્યાં પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલાએ ફરીવાર બાંયો ચડાવી છે. તેઓએ આગામી લોકસભાની ચૂંટણી બનાસકાંઠામાંથી લડવાની ઈચ્છા વ્યક્ત કરતા રાજકીય ભૂકંપ સર્જાયો છે. તેમના આ નિવેદનથી વર્તમાન સાંસદ હરીભાઈ ચૌધરી સામે પડકાર ઉભો થતા પાર્ટી શું નિર્ણય લેશે તેના પર સૌની મીટ મંડાઈ છે.

લોકસભાની ચૂંટણી આવી રહી છે. ત્યારે નેતાઓ ક્યાં ચૂંટણી લડવી તેની ગોઠવણ કરવાની



મથામણ કરી રહ્યા છે.દરમિયાન પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલાએ પોતે આગામી લોકસભાની ચૂંટણી બનાસકાંઠા બેઠક પરથી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ અંગે તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ગત ચૂંટણી તેઓ બનાસકાંઠાથી જ લડવા માંગતા હતા. પરંતુ હરિભાઈ ચૌધરીના કારણે તેઓ પાટણથી લડયા હતા. તે વખતે હરિભાઈએ તેમજ પાર્ટીએ કમિટમેન્ટ આપ્યું હતું કે આગામી ચૂંટણીમાં તમને બનાસકાંઠાથી તક આપવામાં આવશે. હવે તેઓ પાર્ટી અને હરિભાઈ બન્નેને બનાસકાંઠાની ટિકિટ આપવા માટે વિનંતી કરશે.સાંસદ લીલાધરભાઈ વાઘેલાએ બનાસકાંઠામાંથી ચૂંટણી લડવાની જાહેરાત કરતા ભાજપ અને જિલ્લાના રાજકારણમાં ફરી એક વખત ગરમાવો આવી જવા પામ્યો છે.

### મહેસાણા જિલ્લામાં ઓગષ્ટ માસમાં સ્વચ્છતા સર્વેક્ષણ કામગીરી હાથ ધરાશે

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લામાં ભારત સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તા.૧લી ઓગષ્ટ થી તા.૩૧મી ઓગષ્ટ, ૨૦૧૮ સુધી સ્વચ્છતા સર્વેક્ષણ કામગીરી હાથ ધરવામાં આવશે. મહેસાણા જિલ્લામાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮ દરમિયાન કેન્દ્ર સરકારના ગ્રામ વિકાસ વિભાગની ટીમ જિલ્લાંની પ્રાથમિક શાળાઓ, આંગણવાડીઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ધાર્મિક સ્થળો, ગ્રામ પંચાયતો સહિત અન્ય સરકારી કચેરીઓની મુલાકાત લઇ શૌચાલય, શૌચાલયનો ઉપયોગ, સ્વેચ્છતા તેમજ કંપાઉન્ડ સફાઇ જેવી બાબતોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરનાર છે.

# માલણની દેના બેંકનું એટીએમ રાત્રે બંધ રહેતા હાલાકી

### ૨૪ કલાકનું એટીએમ માત્ર ૧૨ કલાક જ ચાલુ રહેતા ગાર્ડ સામે પગલાં ભરવા માંગ

પાલનપુર તાલુકાના માલણ ગામ ખાતે આવેલી દેનાબેંકનું એ.ટી.એમ. રાત્રિના સમયે બંધ રહેતા લોકોને ભારે હલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૪ કલાક માટે મૂકવામાં આવેલું એટીએમ માત્ર ૧૨ કલાક ચાલુ રાખવામાં આવતાં ગાર્ડ સામે પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુર તાલુકાના માલણ ગામે આવેલી દેના બેન્કનું એટીએમ ૨૪ કલાકને બદલે માત્ર ૧૨ કલાક જ ચાલુ રાખવામાં આવે છે. સાંજ ઢળતાની સાથે જ એટીએમ પર ફરજ પર રાખવામાં આવેલા સિક્યુરિટી ગાર્ડ એટીએમને તાળું લગાવીને ત્યાંથી ચાલ્યો થઈ જાય છે. ત્યારે રાત્રીના સુમારે ઈમરજન્સી સમયે નાણાંની જરૂરિયાત પડતી હોઈ લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કોઈ વ્યક્તિ બીમાર પડી જાય તે સમયે ઈમરજન્સી સમયે તેને સારવાર અપાવવા માટે




નાણાંની તાતી જરૂરિયાત પડે છે. તે બાબતને ધ્યાને લઈ માલણ ગામમાં ૨૪ કલાકનું એટીએમ કાર્યરત કરવામાં આવ્યું હતું. પરંતુ દેના બેંકના અધિકારીઓની મનમાની અને સિક્યુરિટી ગાર્ડ પર રહેમ નજરે પરિણામે ગ્રામજનોને હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે અહીં દિવસ દરમિયાન ફરજ બજાવનાર સિક્યુરિટી ગાર્ડ ૨૪ કલાકનો પગાર લે છે કે પછી રાત્રીના ફરજ પર કોઈ અન્ય સિક્યુરિટી ગાર્ડને ફરજ સોંપવામાં આવેલ છે કે કેમ તે બાબતે દેના બેન્કની ઉચ્ચ કચેરીથી તપાસ હાથ ધરવામાં આવે તો મસમોટું કૌભાંડ પણ બહાર આવે તેવી સંભાવના છે.

# કુણોલ-ધાંધીયા-વલુણાથી બેડઝ ક્રોસ રોડ ખખડધજ



મેઘરજ, તા. ૨૩

મેઘરજ તાલુકામાં જેટલા વધારે કિંમતના રોડ બને છે તે એક ચોમાસા બાદ દિવસે ચાલીએ તો પણ પડી જવાય તેવા બિસ્માર હાલતમાં બની જાય છે. તંત્ર દ્વારા ડામરની બનાવટમાં કેરોસીન જેવુ પ્રવાહી વધારે હોવાથી કાંકરા ધોવાઈ જતા કપચી વેરણ છેરણ થઈ જાય છે અને એસ.ટી. બસમાં મુસાફરી કરતા પણ કમરના મણકા જુદા થઈ જાય તેવા રસ્તાઓ તંત્રની બેદરકાળજી દર્શાવે છે.

મેઘરજ તાલુકામાં રોડની પરિસ્થિતિ કંઈ સારી નથી. કુણોલ ગામથી ધાંધીયા-વલુણા થઈ બેડઝ ક્રોસ રોડ નમૂનારૂપ બની ગયો છે. હાલ પણ ચોમાસાની શરૂઆત થઈ નથી તો પણ બસમાં મુસાફરી કરવી દોહ્યલી બની ગઈ છે. બે પૈડાવાળા વાહનચાલકો ખાડા ટાળી ટાળીને થાકી ગયા છે. પરંતુ એક સરખા લેવલવાળા રસ્તા શોધ્યા જડતા નથી. વળી કુણોલ પુલ ઉતરતા અને બેડઝથી મેઘરજ ટર્નીંગમાં પુલ બનાવવા ખાડા ખોદીને રાખી મુક્યા છે. જેમાં કોઈક વખત વાહન પડી જશે ત્યારે બાંધકામ ખાતાએ જવાબ આપવો ભારે પડશે. કુણોલ પુલથી ઉતરતા ટર્નીંગ લેવામાં પણ ખૂબજ સાવચેતી રાખવી પડે છે નહિ તો વાહન ઉંધુ વળી જવાની બીક લાગે છે. બાંધકામ ખાતા રોડ બનાવવામાં માત્ર ઓફિસમાં બેસીને જ કામ કરાવે છે જેનું આ પરિણામ ભોગવવું પડે છે.

### શામળાજી આરટીઓ ચેકપોસ્ટને

# ટ્રક-ટ્રાન્સપોર્ટની રાષ્ટ્રવ્યાપી હડતાલની ઘેરી અસર

### શામળાજી ફરજ પરના આરટીઓ ઈન્સ્પેક્ટર એસ.બી. પંચાલ અને ડી.ડી. સિંઘલના ઉડાઉ જવાબોથી પત્રકાર આલમમાં રોષ

શામળાજી, તા. ૨૩

દેશભરના ટ્રાન્સપોર્ટર તેમની વિવિધ માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાલનો ચોથા દિવસ છે. જેમાં ગુજરાતના ટ્રક ટ્રાન્સપોર્ટ પણ જોડાયા હોવાથી ૮ લાખથી વધુ ભારે વાહનોના પૈડાં થંભી ગયા છે. જેની સીધી અસર રાજ્યની આરટીઓ ચેકપોસ્ટ પર પડતા કરોડો રૂપિયાનું નુકસાન સરકારી તિજોરીને થયું છે. શામળાજી નજીક રતનપુર ખાતે દેશની પ્રથમ કરોડોના ખર્ચે બનાવેલી અત્યાધુનિક ડિજિટલ કેશલેસ ચેકપોસ્ટ અનેકવાર વિવાદોમાં સપડાઈ હતી. રાજ્યમાં સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટ ડિજિટલ થયા બાદ આવકમાં અગમ્ય કારણોસર ઘટાડો પણ નોંધાયો હતો. હાલ દેશવ્યાપી ટ્રક ટ્રાન્સપોર્ટની હડતાલના પગલે શામળાજી આરટીઓ ચેકપોસ્ટ ૪ દિવસથી લાખ્ખો રૂપિયાની આવક ગુમાવવાની સાથે સતત ટ્રકોની અવરજવરથી ધમધમતી આરટીઓ ચેકપોસ્ટ ખાલીખમ જોવા મળી હતી. દેશવ્યાપી ટ્રક ટ્રાન્સપોર્ટની હડતાલમાં શામળાજી ચેકપોસ્ટ પર ફરજ બજાવતા ઈન્સ્પેકટરોએ રામભરોસે છોડી હોય તેમ એકપણ ઈન્ચાર્જ આરટીઓ ઈન્સ્પેક્ટર કચેરીમાં જોવા મળ્યા ન હતા. હાજર આરટીઓ ઈન્સ્પેક્ટર એસ.બી. પંચાલ અને ડી.ડી. સિંઘલને ૪ દિવસમાં કેટલા રૂપિયાની આવક ગુમાવી તે અંગે પુછાતા બેજવાબદાર બની ઉડાઉ જવાબો આપવાની




સાથે ઉપરી અધિકારીને ખબર તેવું જણાવી અધિકારીનો મોબાઈલ નંબર પણ આપવામાંથી છટકતા અને આરટીઓ ઓફિસનો લેન્ડલાઈન નંબર ખબર ના હોવાનું જણાવી તુમાખીભર્યા વર્તનથી પત્રકારોમાં રોષ જોવા મળ્યો હતો. ઈન્ચાર્જ અધિકારી ચાવડાએ પણ મોબાઈલ ઉપાડવાની તસ્તી લીધી નહોતી.

કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલી દેશની પ્રથમ કેશલેશ ડિજિટલ



શામળાજીના રતનપુર ખાતે આરટીઓ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. મલાઈદાર ચેકપોસ્ટ પર ફરજ મેળવવા ઓન બોલાતી હતીની અનેક ચર્ચાઓ જે તે સમયે ઉઠી હતી પરંતુ ડિજિટલ ચેકપોસ્ટ બનતાની સાથે રોકડી બંધ થતા ઈન્સ્પેક્ટરો માટે આ ચેકપોસ્ટ સજારૂપ હોય તેવો અહેસાસ ઈન્ચાર્જ અધિકારીઓ અને આરટીઓ ઈન્સ્પેક્ટરો અનુભવતા હોવાની માહિતી આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. શામળાજી આરટીઓ પર ફરજ બજાવતા અધિકારીઓ અને ઈન્સ્પેકટરો સ્થળ પર હાજર પણ રહેતા ન હોવાની સાથે નધણિયાત રહેતી હોવાની અનેક બૂમો વચ્ચે ૩૦ ઈન્સ્પેકટરોમાંથી ફક્ત ૪ ઈન્સ્પેકટર હાજર જોવા મળ્યા હતા અને જવાબદાર ઈન્ચાર્જ અધિકારી પણ ગેરહાજર હોવાની સાથે ક્યાં છે તે પણ કર્મચારીઓને ખબર ન હોવાનો ઉડાવ જવાબ મળ્યો હતો.

શામળાજી આરટીઓના જવાબદાર ઈન્ચાર્જ અધિકારી ચાવડાને ટ્રક ટ્રાન્સપોર્ટ હડતાલના પગલે કેટલા લાખની આવક ગુમાવવી પડી તેમાટે મોબાઈલ પર સંપર્ક કરતા મોબાઈલ સતત વ્યસ્ત આવતો હોવાની સાથે રિંગ વાગતા ઉપાડવાની પણ તસ્દી ન લેતા આવા બેજવાબદાર અધિકારીઓ સામે સરકારે અને ગાંધીનગર સ્થિત જવાબદાર કચેરીએ યોગ્ય પગલાં ભરવા જોઈએ જેથી સરકારની સ્વચ્છ છબી ખરડાય નહિ અને ઓચીંતી મુલાકાત પણ વાહનવ્યવહાર મંત્રી કે કમિશ્નરે લેવી જોઈએ તેવી લોક માંગણી પ્રબળ બની છે. સરકારના પૈસે તાગડધિન્ના કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદાર તંત્ર દ્વારા લાલ આંખ કરવાની માંગ લોકોએ કરી હતી.